# આવકવેરા ધારાની નવી કલમ ૧૯૪આર વિશે જાણો



**ટેક્સ રામાયણ**
**પરેશ કપાસી**

**આવકવેરા** ધારાની નવી કલમ ૧૯૪આરમાં એવી જોગવાઈ કરવામાં આવી છે કે જે કરદાતા અન્ય રહેવાસી ભારતીયને તેમના બિઝનેસ કે વ્યવસાય સંબંધે ૨૦,૦૦૦ રૂપિયા કરતાં વધુ મૂલ્યના બેનિફિટ કે પર્ક્વિઝિટ આપે અને એ બેનિફિટ કે પર્ક્વિઝિટ આવકવેરા ધારાની કલમ ૨૮(iv) હેઠળ આવક ગણવામાં આવતી હોય તો તેમણે ૧૦ ટકાના દરે ટીડીએસ કાપવાનો હોય છે.

કલમ ૧૯૪આર હેઠળ જે બેનિફિટ કે પર્ક્વિઝિટની વાત કરવામાં આવી છે એનો સમાવેશ પગારની આવકના શીર્ષક હેઠળ નોકરીદાતાએ કર્મચારીને કલમ ૧૭(૨) હેઠળ ચૂકવેલા પર્ક્વિઝિટમાં થતો નથી. પગારની આવક સંબંધેના બેનિફિટ કે પર્ક્વિઝિટ બાબતે કલમ ૧૯૨ પહેલેથી અમલમાં છે.

આમ, કલમ ૧૯૪આર હેઠળ જે બેનિફિટ કે પર્ક્વિઝિટને આવરી લેવામાં આવશે એમાં રહેવાસી ભારતીયને તેમના બિઝનેસ કે વ્યવસાય કરતી વખતે તેમના બિઝનેસ કે વ્યવસાયના ભાગરૂપે કરવામાં આવતી નિયમિત આર્થિક ચુકવણીની જગ્યાએ રોકડ અથવા અન્ય સ્વરૂપે ચૂકવવામાં આવતા બેનિફિટ, પર્ક્વિઝિટ, સુવિધાઓ કે એ બધાને સમાવી લેનારી કોઈ વસ્તુનો સમાવેશ થાય છે. આવા બેનિફિટ કે પર્ક્વિઝિટ આવકવેરાની કલમ ૨૮(iv) હેઠળ બિઝનેસ રીસિટ્સ તરીકે ચૂકવવાપાત્ર હોય છે.

સરકારે કલમ ૧૯૪આરમાં ઉક્ત જોગવાઈ કરીને ડૉક્ટરો, સોશ્યલ મીડિયા ઈન્ફ્લુઅન્સર્સ, મ્યુઝિક બૅન્ડ વગેરેને આપવામાં આવતા બેનિફિટને આવકવેરાની જાળમાં લાવવાનો પ્રયાસ કર્યો છે. આમ, એ વ્યક્તિઓને ચૂકવવામાં આવતા બેનિફિટ કે પર્ક્વિઝિટ પર ૧૦ ટકા લેખે ટીડીએસ કાપવાનો રહેશે. આ જોગવાઈ આગામી પહેલી જુલાઈથી અમલમાં આવી રહી છે.

આ કલમ વિશે એક ઉદાહરણ દ્વારા વાત કરીએ.

દા.ત. અજય શાહ ઈલેક્ટ્રૉનિક આઈટમ્સનો ટ્રેડિંગનો બિઝનેસ ધરાવે છે. તેમને બીજા શહેરમાં મળેલી એક મીટિંગમાં સોનક મહેતા નામના ઈલેક્ટ્રૉનિક આઈટમ્સના હોલસેલ સપ્લાયર મળ્યા. સોનકભાઈનું ટર્નઓવર પાછલા વર્ષમાં ૨.૫ કરોડ રૂપિયા હતું. અજયભાઈએ સોનકભાઈને વિનંતી કરી કે તેઓ જે ખરીદી કરે એમાં તેમને ડિસ્કાઉન્ટ આપવામાં આવે. સોનકભાઈએ ડિસ્કાઉન્ટ આપવાને બદલે અજયભાઈને ફાઈવ સ્ટાર હોટેલમાં રહેવા માટેની વ્યવસ્થા કરી આપી અને તેમને રોલેક્સ ઘડિયાળ ભેટમાં આપી. ડિસ્કાઉન્ટને બદલે આ રીતે તેમણે બેનિફિટ આપ્યો. આ રીતે અજયભાઈને સોનકભાઈ પાસેથી ખરીદી કરવામાં ફાઈવ સ્ટાર હોટેલમાં રહેવાનો લાભ મળવા લાગ્યો. આ લેવડદેવડ નવી કલમ ૧૯૪આર હેઠળ આવરી લેવામાં આવશે અને એનું જે મૂલ્ય હશે એના ૧૦ ટકા જેટલો ટીડીએસ કાપી નાખવાનો રહેશે. ધારો કે પાછલા નાણાકીય વર્ષમાં સોનકભાઈનું ટર્નઓવર ૧ કરોડ રૂપિયા કરતાં ઓછું હોત તો તેમણે નવી કલમ ૧૯૪આર હેઠળ ટીડીએસ કાપવાની જરૂર પડી ન હોત, કારણ કે બિઝનેસની ગ્રોસ રીસિટ્સ ૧ કરોડ કરતાં ઓછી અને પ્રોફેશનની ગ્રોસ રીસિટ્સ ૫૦ લાખ રૂપિયા કરતાં ઓછી હોય તો નવી કલમ લાગુ પડતી નથી. ધારો કે કોઈ વ્યક્તિ સાથે ભલે બિઝનેસ થતો હોય, પણ જો કોઈ તહેવાર, લગ્નપ્રસંગ જેવા પ્રસંગે કોઈ ભેટ આપવામાં આવે તો લાગુ નહીં થાય, કારણ કે એ ભેટ બિઝનેસ કે પ્રોફેશનના ભાગરૂપે નથી.

લેખક પ્રૅક્ટિસિંગ ચાર્ટર્ડ અકાઉન્ટન્ટ છે.
paresh.kapasi@mid-day.com
પર વાચકો તેમનો સંપર્ક સાધી શકશે.